# વાવોલ લાભ સોસાયટીના ત્રણ મકાનોમાં તાળાં તુટ્યાં : રૂ.૨.૪૦ લાખની ચોરી

### પરિવાર ઘરમાં હોવા છતા તસ્કરો કળા કરી ગયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરમાં તસ્કરોનો તરખાટ યથાવત રહેવા પામ્યો છે. વાવોલની લાભ સોસાયટીમાં ત્રણ મકાનના તાળા તુટયા છે. મકાનના બેડરૂમના સ્લાઈડરમાંથી ઘરમાં પ્રવેશ કર્યો કરીને બેડરૂમમાં રહેલી તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના અને ડ્રેસીંગ ટેબલમાં રાખેલી રોકડ રકમ સહિત મોબાઈલ ફોન તેમજ બાજુના મકાનમાંથી ત્રણ મોબાઈલ ફોન અને અન્ય ઘર પાસે પાર્ક કરેલા એકટીવાની ડેકીમાંથી રોકડ રૂપીયા મળી કુલ રૂ.૨.૪૦ લાખની મત્તાની ચોરીની ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ ખાતે રહેતા ચંદનસિંહ રાજદિપ છેલ્લા દશ માસથી વાવોલ લાભ સોસાયટીના બ્લોક નં.સી.૧૦૪માં પત્ની અર્ચનાબેન અને પુત્ર પ્રિન્સ સાથે રહે છે. ત્યારે ગતરોજ રાત્રે મુખ્ય દરવાજાને અંદરથી બંધ કરી દંપતિ ડ્રોઈંગ રૂમમાં તેમજ પ્રિન્સ બેડરૂમમાં સુઈ ગયો હતો. ત્યારે વહેલી સવારના સુમારે અર્ચનાબેન બાથરૂમ જવા માટે ઉટ્યા તે સમયે જોયુ તો ડ્રોઈંગ રૂમના ડ્રેસીંગ ટેબલના ડ્રોઅર ખુલ્લા હતા અને બેડરૂમની તિજોરી પણ ખુલ્લી હતી. તેઓએ પતિને ઉઠાડીને ઘરમાં ચેક કરતા તિજોરી અને ડ્રોઅરમાંથી ચોર શખ્સો એક જોડ સોનાની શેરવાળી બુટ્ટી કિં.૨૨ ,૦૪૫, એક જોડ સોનાની કાનની શેરો કિ.૨૨,૦૪૫, સોનાનું ગોળ પેન્ડલવાળુ મંગલસુત્ર કિં.૭૨,૭૫૦, સોનાની ચેઈન કિં.૪૮,૫૦૦, સોનાની વીંટી કિં.૪,૪૦૯, ચાંદીની પગની પાયલ કિં.૩ હજાર, તેમજ બે મોબાઈલ ફોન કિં.૪ હજાર તેમજ રોકડા રૂ.૪૫ હજાર મળી કુલ રૂ. ૨,૨૧,૭૪૯ મત્તાની ચોરી થતા સોસાયટીના રહીશોમાં પણ ભયનો માહોલ ઉભો થયો હતો. જયારે સોસાયટીમાં વસવાટ કરતા હિંમતલાલ તુલસીદાસ પરમારના ઘરમાંથી ત્રણ મોબાઈલ ફોન અને વિળાલ જયેશભાઈ ઉપાધ્યાયના ઘરમાંથી પણ રૂ.૪ હજાર રોકડની ચોરી થવા પામી છે. સીસીટીવી ફુટેજ ચેક કરતા એક ચોર કેમેરામાં કેદ થયો છે. તે રાત્રીના અઢી વાગ્યાના સુમારે એકટીવાની ડેકીમાંથી રોકડા રૂ. ૮ હજાર ચોરી કરતો નજરે પડે છે. વાવોલ ખાતે પરિવાર ઘરમાં સુઈ રહ્યો હતો તે સમયે ચોર શખ્સો કળા કરી ગયા હતા. જયારે પોલીસે ડોગ સ્કવોડ અને એફએસએલની મદદથી આગળની તપાસ હાથ ધરી છે.

# સરકાર વાત સશક્તિકરણની કરે પણ નીતિ મહિલા વિરોધી છે : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૪

ભાજપની સરકાર મહિલા સશક્તિકરણની વાતો કરે છે પણ મહિલા વિરોધી નીતિઓ તેની રહી છે તેવો આક્ષેપ જિલ્લા કોંગ્રેસની મહિલા આગેવાનોએ કર્યો છે.



રાજ્યની રૂપાણી સરકારના પાંચ વર્ષની ઉજવણી સામે વિરોધ પ્રદર્શન કરવા ગુજરાત કોંગ્રેસ દ્વારા નવ દિવસ સુધી સમગ્ર ગુજરાતના દરેક જિલ્લા મથકોએ સમાંતર કાર્યક્રમો જાહેર કર્યા છે જેના ભાગરૂપે આજે ચોથા દિવસે ''મહિલા સુરક્ષા અભિયાન'' અંતર્ગત દહેગામ ખાતે પ્રદેશ કોંગ્રેસના વરિષ્ઠ મહિલા આગેવાન ડો. ચંદ્રિકાબેન ચુડાસમા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સુર્યસિંહ ડાભી, જિલ્લા પ્રભારી વંદનાબેન પટેલ, પૂર્વ ધારાસભ્ય કામિનીબેન રાઠોડ, પ્રદેશ અગ્રણી પ્રેમબા હાડા, જિલ્લા મહિલા પ્રમુખ સોનલબા ચાવડા, તાલુકા મહિલા પ્રમુખ સંગીતાબા ચૌહાણ, શહેર મહિલા પ્રમુખ મૃણાલિની જોશી, ગાંધીનગર શહેર પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા, પૂર્વ વિપક્ષ નેતા ચીમનભાઈ વિંઝુડાની આગેવાની હેઠળ મહિલાઓની સુરક્ષાની માંગ સાથે દહેગામ ખાતે ભારે સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ તાલુકા પ્રમુખ જગતસિંહ ચૌહાણ, શહેર પ્રમુખ ભુપેન્દ્રસિંહ રાઠોડ, બાબુસિંહ ઝાલા, વખતસિંહ ચૌહાણ, જગતસિંહ ઝાલા, જયંતીભાઈ પટેલ, કા. પ્રમુખ મનહરસિંહ ઝાલા, રૂપસિંહ ઠાકોર, પ્રફુલ શાહ, વિરેન્દ્રસિંહ ઠાકોર, ભરતસિંહ વાઘેલા, ફકીરસિંહ ઝાલા, રમેશસિંહ ચૌહાણ,પ્રભાતસિંહ ઠાકોર, રમેશકુમાર સોલંકી, પ્રતાપસિંહ ઝાલા, બાબુસિંહ સરપંચ બિસ્મિલ્લાબેન પઠાણ, હનિફાબેન ચૌહાણ, મુસ્તાકભાઈ બહિયલ,રમણભાઈ પટેલ સહીત અનેક આગેવાનો, કાર્યકરો, આગેવાનો અને મહિલા કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહીને રાજ્યની રૂપાણી સરકાર અને કેન્દ્રની મોદી સરકારની મહિલા વિરોધી નીતિઓ સામે ભારે સૂત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદર્શન કાર્ય હતું. ત્યારબાદ દહેગામ બસ સ્ટેન્ડ પાસે રેલી કાઢી હતી જેથી દહેગામ પોલીસ દ્વારા સૌ મહિલા આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરીને દહેગામ પોલીસ સ્ટેશન ખાતે લઈ ગયા હતા.

## ખૂણેખાંચરેથી

- આગામી ૮મી ઓગષ્ટના રોજ મનપાની આરોગ્ય શાખાની વિવિધ જગ્યાઓની ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે.
- જિલ્લામાં વાઈરલ ફિવરની બિમારીના કેસો વધતાં આરોગ્યતંત્ર ચિંતામાં ગરકાવ થયુ છે.
- નાયબ સેક્શન અધિકારીની બઢતી માટે યોજાયેલ પરીક્ષાનું પરિણામ આજે જાહેર થયુ છે. સ્પીપા દ્વારા લેવાયેલ આ ખાતાકીય પરીક્ષામાં ૭૩ પરીક્ષાર્થી ઉત્તીર્ણ થયા છે.
- માહિતી ખાતા દ્વારા લેવામાં આવેલ બન્ને સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામ આજે જાહેર થયા છે. માહિતી મદદનીશ અને નાયબ માહિતી નિયામકની ભરતી માટે આ પરીક્ષાઓ યોજાઈ હતી.
- ગાંધીનગર જિલ્લામાં તસ્કરો સક્રિય થતાં પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર મનપાની ડાયરી છપાવવામાં ભ્રષ્ટ્રાચાર થયાના આક્ષેપ સાથે સમગ્ર પ્રકરણમાં તપાસ કરવાની માંગ પૂર્વ કાઉન્સીલર પીન્કિબેન પટેલે આજે પત્ર લખીને કરી છે.
- આગામી ૭મીએ વિકાસ દિવસની ઉજવણી મહાત્મા મંદિર ખાતેથી મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં થવાની હોવાથી તેની તૈયારીમાં તંત્ર વ્યસ્ત બન્યુ છે.
- ગાંધીનગર શહેરના આંતરિક રસ્તાઓની જુના સેક્ટરોમાં સફાઈ નહિ થતી હોવાની ફરિયાદો ઉઠી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આ યોજના વીષે મારુ તો માનવું છે કે દેશનો એક પણ 'નાગો' ભૂખ્યો નહીં રહે..!!

# કોલવડા આર્યુવેદ હોસ્પિટલ ખાતે આંખની સારવાર થશે

કોલવડા ખાતે આવેલી સરકારી આર્યુવેદ હોસ્પિટલમાં આંખના રોગ માટે વિભાગ કાર્યરત કરવામાં આવ્યો છે. જેમાં દર સોમવાર, બુધવાર અને શુક્રવારના રોજ આંખોના નંબર, મોતિયાની તેમજ ઝામરની તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત આંખના વિવિધ રોગની તપાસ કરી આર્યુવેદ પધ્ધિતથી સારવાર કરવામાં આવશે. સંસ્થાના આચાર્ય વૈધ સ્વીટીબેન રૂપારેલ તેમજ નાબય અધિક્ષક વૈધ રાકેશ ભટ્ટ દ્વારા શહેરીજનોને આંખની સારવારનો લાભ લેવા માટે અનુરોધ કરાયો છે.



**સિવિલમાં હ્યુમન મિલ્ક બેંકનું ઉદ્‌ઘાટન**

શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે હ્યુમન મિલ્ક બેંકનું ઉદ્ઘાટન આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ મિલ્ક બેંક ઓછુ વજન ધરાવતા બાળક અને કુપોષણ બાળદર્દીઓ માટે અતિ ઉપયોગી બની રહેશે. આ પ્રસંગે મેડીકલ કોલેજના ડીન ડો.શોભના ગુપ્તા, જીએમઈઆરએસના ડો. બિપિન નાયક, સિવિલના તબિબિ અધિક્ષક ડો. નિયતિબેન લાખાણી, આરએમઓ.ડો.સુધાબેન શર્મા, એઆરએમઓ ડો.કલ્પેશ જશપરા, સહિત ડોકટર્સ અને અધિકારી-કર્મચારીઓ હાજર રહ્યા હતા.

